**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૯ ટકા

# શહેરમાં રખડતા ઢોરથી ભારે હાલાકી

## શહેરના વિવિધ માર્ગો પર રખડતા ઢોરોના કારણે શહેરીજનોમાં રોષ

ગાંધીનગર, તા.૨૫

શહેરના મુખ્ય માર્ગો અને આંતરીક રસ્તાઓ પર રખડતા ઢોરના કારણે શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા છે. માર્ગની નજીકમાં જ અડીંગો જમાવીને ઉભા રહેતા રખડતા ઢોરનો કારણે અવારનવાર અકસ્માત સર્જાતા હોય છે. જેને કારણે વાહચાલકો તથા રાહદારીઓને અસ્થિ ભંગ સુધીની ઈજાઓ પહોંચે છે. શહેરમાં પ્રવેશતા ગામોમાં ગંદકી તથા રખડતા ઢોરથી શહેરીજનોમાં રોષ વ્યાપી ઉઠયો છે. સરગાસણ, વાવોલ,પેથાપુર, કુડાસણ, ઈન્દ્રોડા વિસ્તારોમાં રખડતા ઢોરો માર્ગો પર અડીંગો જમાવીને ટ્રાફિક જામની પરિસ્થિતિ ઉભી કરે છે. વાવોલના નવા બનેલા માર્ગો પર રખડતા ઢોરોનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. ચોમાસાના કારણે કાદવ કીચડથી આ માર્ગો ચિકણા બની ગયા છે જેથી વાહનચાલકોને વાહન સ્લિપ થવાની ભીતિ રહે છે. ઉપરાંત માર્ગો પર ઘર કરી બેઠેલા રખડતા ઢોરોથી વસાહતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. રખડતા ઢોરોના કારણે અકસ્માતો થવાના એંધાણ હોવા છતાં રખડતા ઢોરોનો જવાબદાર તંત્ર દ્વારા કોઈ ઉકેલ કરવામાં આવતો નથી. માત્ર વીઆઈપી મહેમાનો આવવાના હોય ત્યારે જ ઢોર ડબ્બા વાળામાર્ગો પરથી રખડતા ઢોરોને પકડી જાય છે જયારે સામાન્ય જનતા માટે કોઈ જવાબદારી આ તંત્ર દ્વારા રાખવામાં આવતી નથી. રાત્રી દરમિયાન માર્ગો પર મોટા વાહનોની અવરજવર વધારે રહેતી હોય છે. જેમાં ટ્રક ડ્રાઈવરો માર્ગો પર સૂતેલા ઢોરો પર વાહન હંકારી દેતા ઘણા બનાવો બનેલા છે તેમ છતાં ઢોરને રાખનાર વ્યકિતઓમાં ઉદારતા જેવી ભાવના જોવા મળતી નથી. જો કોઈ ઢોરને વાહનચાલકો દ્વારા નુકશાન થાય તો પૈસા વસુલવામાં આવતા હોય છે પરંતુ જો રખડતા ઢોરોના કારણે કોઈ વ્યકિતને ઈજા પહોંચે તો તેઓ કોઈ પણ જવાબદારી રાખતા નથી.

### માર્ગો પર ઠેર ઠેર ગંદકી કરતા રખડતા ઢોરો



તંત્ર દ્વારા માર્ગોની સાફ સફાઈ કરવામાં આવે છે પરંતુ ચોમાસા દરમિયાન માર્ગોની સફાઈ કરવી બાધારૂપ બનતી હોય છે. માર્ગો પર કાદવ કીચડની સમસ્યાઓ ચોમાસા દરમિયાન વધારે રહે છે. જેમાં રખડતા ઢોરો અગત્યનો ભાગ ભજવે છે. માર્ગો પર છાણ અને ગંદકી ફેલાવવા માટે રખડતા ઢોરો જવાબદાર છે. આસપાસના ગામમાંથી રખડતા ઢોરો શહેરી વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે. જેથી દિવસે ને દિવસે માર્ગો પર ગંદકી વધી રહી છે. વરસાદી સિઝનમાં ઢોર સૂકી જગ્યા શોધી અને માર્ગો પર બેસી જાય છે. ગોકુળપુરા વિસ્તારમાં પશુપાલકનો તબેલો રસ્તાની બાજુમાં જ છે તેમ છતાં પશુપાલક ઢોરને તબેલામાં રાખવાના બદલે રસ્તા પર રઝળતા મુકી દે છે. વાહનચાલકો પશુપાલકોની કોર્પોરેશનના અધિકારીઓ સાથે સાઠ ગાંઠ ધરાવતા હોવાથી કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. ઉપરાંત રસ્તા પરની લારી અને ગલ્લા લઈ વેપાર કરતા વેપારીઓને પણ કયારેક આ રખડતા ઢોરા ત્રાસનો ભોગ બનવું પડે છે. શહેર હવે ગોકુળીયું ગામ બનવા તરફ જઈ રહ્યું છે. સર્વત્ર રખડતા ઢોર જોવા મળે છે. બસ સ્ટેશન, સોસાયટી, જયાં એંઠવાડ ફેંકાય ત્યાં મોટી સંખ્યામાં ઢોરો ધસી જાય છે. શાકમાર્કેટમાં પણ વેસ્ટેજ ગમે ત્યાં ફેંકાતા ત્યાં ઢોર પહોંચી જાય છે. વહીવટ તંત્ર તેની વ્યવસ્થા કરવામાં ઉણું ઉતર્યું છે.

## ગુરુકૃપા ફાઉન્ડેશન દ્વારા વૃધ્ધાશ્રમમાં ભોજન કરાવ્યું



મર્યા પછી મા બાપ માટે શ્રાદ્ધ કરવું એના કરતાં વૃધ્ધાશ્રમ માં રહેતા કોઈના પણ મા-બાપની સેવા કરવી તેમને ભાવતા ભોજન કરાવવા એજ આપણું સાચું શ્રાદ્ધ છે. જ્યારે આપણા માં બાપની હયાતી હોય ત્યારે તેમની ખાવા પીવાની તેમજ અન્ય દરેક જરુરીયાત નું ધ્યાન રાખવું એજ સાચો ધર્મ છે. ગુરુકૃપા ફાઉન્ડેશન દ્વારા શ્રાદ્ધ મહીનામાં વૃધ્ધાશ્રમમાં વૃધ્ધોને ભાવતા ભોજન પીરસવામાં આવ્યા હતા. વૃધ્ધાશ્રમના વૃધ્ધોને તેમના ભાવતા ભોજનમાં દુધપાક, પુરી, ઢોકળા, કોબીજ વટાણાનું શાક, દાળ ભાત પ્રેમપૂર્વક ખવડાવ્યા હતા અને દરેકના આશીર્વાદ લીધા હતા.



વોર્ડનં. ૪ના ભાજપના ઉમેદવારોએ ધોળાકુવામાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. ગ્રામવાસીઓને ભાજપની તરફેણમાં મત આપવા અપીલ કરી હતી.



સમર્પણ મૂકબધિર શિશુ વિદ્યામંદિર, સેકટર-૨૮ ખાતે મૂકબધિર બાળકોને સાત્વિક ભોજન આપવામાં આવ્યું હતું.સ્વ. આત્મારામ પટેલના શ્રધ્ધ નિમિત્તે અને તેઓના સ્મરણાર્થે બાળકોને સાત્વિક ભોજનનો લાભ અપાયો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'તેજસ્વી બાળક તેજસ્વી ભારત' પર વ્યાખ્યાન યોજાયું





ગાંધીનગર, તા.૨૫


ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં તેજસ્વી બાળક તેજસ્વી ભારત પર વ્યાખ્યાન યોજાયું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહના બોપલના સંસ્કારધામના તપોવન કેન્દ્ર ખાતે વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં ૨૦૦થી વધુ વ્યકિતઓ ઉપસ્થિત રહ્યા હતા. ગર્ભધારણની પૂર્વ તૈયારી અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડૉ. વૃંદન જયસ્વાલે સમગ્ર માહિતી આપી હતી.

## ટેબલ ટેનિસ એસોસીએશન દ્વારા ઓપન રેન્કિંગ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા ૯ અને ૧૦ ઓકટોબરે સેકટર-૧ જીમખાનામાં ટુર્નામેન્ટ યોજાશે. આ ટુર્નામેન્ટમાં ભાઈઓ અને બહેનોના વિભાગમાં અન્ડર ૧૩, અન્ડર ૧૫, અન્ડર ૧૭, અન્ડર ૧૯ તેમજ ઓપન કેટેગરીમાં સ્પર્ધા યોજાશે. જેમાં વિજેતા ખેલાડીઓને રોકડ ઈનામ, શિલ્ડ તેમજ સર્ટીફીકેટથી પુરસ્કૃત કરાશે. ઉપરાંત વિજેતા ખેલાડીઓને ગુજરાત રાજય ટેબલ ટેનિસ એસોસીએશન દ્વારા આયોજિત ઈન્ટર ડીસ્ટ્રીકટ ટુર્નામેન્ટ રમવા માટે મોકલવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવાના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૫ ઓકટોબર છે. ફોર્મ તેમજ અન્ય માહિતી https://ttag.org.in પરથી તથા કમલેશ શાહ (૯૯૭૮૮૮૩૪૬૬)ના નંબર પર સંપર્ક કરવા જણાવાયું હતું.

## 'બોટમ લાઈન ૪.૧' ડૉ. હર્મિક વૈશ્નવની નવલકથાનું વિમોચન




ગાંધીનગર, તા.૨૫

ડૉ. હર્મિક વૈશ્નવ (પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટીના એસોસીએટ પ્રોફેસર)ની નવલકથાનું વિમોચન અમદાવાદ બુક કલબ દ્વારા કરવામાં આવ્યું હતું. અંગ્રેજીમાં લખાયેલ 'બોટમ લાઈન ૪.૧' કોર્પોરેટ ક્ષેત્રના સ્વૈચ્છિક સંસ્થા અને અન્ય ક્ષેત્રો સાથે થતા વ્યવહારોની આંટી ઘૂંટી અને જીવનશૈલી રોમાંચક રીતે પ્રદર્શિત થયેલ છે. મેનેજમેટ અને સાહિત્ય ક્ષેત્રે સરસ 'ફયુઝન' તરીકે 'બોટમ લાઈન ૪.૧' નવી ભાત પાડે છે.

## લાયોનેસ ક્લબ દ્વારા વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડનું વિતરણ

ગાંધીનગર, તા.૨૫

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા કોબા સરકારી શાળાની વિદ્યાર્થીનીઓમાં વુમન હાઈજીન પ્રોગ્રામ અંતર્ગત સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. કલબના પ્રમુખ નીતાબેન રાણા તથા પૂર્વ પ્રમુખ મિતલબેન રાણા દ્વારા વિદ્યાર્થીનીઓને સ્વચ્છતા વિશેની માહિતી આપવામાં આવી હતી.



આ પ્રસંગે ઉપસ્થિત લાયોનેસ કલબની બહેનો દ્વારા શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સંયોજક તરીકે શાળાના શિક્ષિકા વીણાબહેન પટેલ હતા. કાર્યક્રમના અંતે શિક્ષિકા દીપ્તિબહેન પરમાર દ્વારા શાળાની વિદ્યાર્થીનીઓના લાભાર્થે યોજાયેલ આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ લાયોનેસ કલબનો આભાર માન્યો હતો.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ફ્રૂટ ડેની ઉજવણી



ગાંધીનગર, તા.૨૫

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં કિન્ડરગાર્ટન વિભાગમાં ફ્રૂટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ભૂલકાઓને દરેક ફળના સ્વાદ સગંધ રંગની માહિતી આપવામાં આવી હતી.વિદ્યાર્થીઓએ જુદા જુદા ફળોનો પોશાક પહેર્યો હતો. આ ઉજવણીમાં વાલીઓનો બાળકોને સહકાર મળ્યો હતો.

## જન્મદિને વધામણી



**તીર્થ પંડ્યા**
ડાયરેકટ, લીંક ઈમ્રીગેશન વર્લ્ડ



**નીતા રાણા**
લાયોનેસ કલબ



**સ્વરા જિજ્ઞેશ રાવલ**
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



**ઉન્નતિ કેયુર પટેલ**



**અભિકુમાર વિનોદભાઈ દત્ત**
મો. ૯૭૩૭૨ ૬૫૩૯૯



**વીર આહીર**
મો. ૮૧૪૦૧ ૬૬૯૬૫

# એક મોકો 'આપ'ને મળશે તો આપશે મિલ્કત વેરામાં ૫૦ ટકા રાહત

ગાંધીનગર, તા.૨૫

જો એક મોકો 'આપ'ને મળશે તો શહેરીજનોનો ૫૦ ટકા મિલકતવેરો ઘટી જશે અને તમામ સિનિયર સિટિઝન્સનું દર બે મહિને ફ્રી મેડીકલ ચેક અપ કરાશે. એટલું જ નહિ પરંતુ શહેરના વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વડીલો માટે સિટીબસની મુસાફરી તદ્દન મફત થઈ જશે અને શહેરમાં ૧૦ નવી અંગ્રેજી માધ્યમની સરકારી શાળાઓ શરૂ કરશે. આજે આમ આદમી પાર્ટી દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણીઓને અનુલક્ષીને ગેરન્ટી કાર્ડ જાહેર કરવામાં આવ્યું હતું જે અનુસાર ગાંધીનગરમાં પણ દિલ્હી મોડેલ લાગુ કરાવનું આપ પાર્ટીએ જણાવ્યું છે.

આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં મહાનગરપાલિકાનું શાસન સંભાળશે તો સાત પ્રકારની ગેરંટી સાથે નિષ્ઠાપૂર્વક કાર્ય કરશે તેવું આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું. આ સાથે જ આમ આદમી પાર્ટી દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણીમાં ગેરન્ટી કાર્ડ જાહેર કરવામા આવ્યું કે જેમાં શિક્ષણ, આરોગ્ય, વેરાઓ, પાર્કિંગ અને પરિવહન, સાંસ્કૃતિક, રમતગમત, જનસુવિધા સહિતની બાબતે વચનો જાહેર કરવામાં આવ્યાં છે. આમ આદમી પાર્ટીના ગેરંટી કાર્ડમાં શિક્ષણ બાબતે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓ સાથેની ૧૦ અંગ્રેજી માધ્યમિક સરકારી શાળાઓ શરૂ કરવા તેમજ શહેરમાં અદ્યતન સુવિધા સાથેની સેન્ટ્રલી એસી લાઈબ્રેરી રીડિંગ રૂમ અને સરકારી પરીક્ષાની તૈયારીઓ માટે કોચિંગ સેન્ટર બનાવવાનું વચન આપવામાં આવ્યું છે. આરોગ્ય ક્ષેત્રે આમ આદમી પાર્ટીએ શહેરમાં સરકારી દવાખાનાની સંખ્યા વધારવા સાથે તેમાં તમામ પ્રકારના લોહી, પેશાબના ટેસ્ટ, સીટી સ્કેન, એક્સરે, દવા નિઃશુલ્ક અપાશે. દર બે મહિને વડીલોનું ઘરેબેઠાં મફત મેડિકલ ચેકઅપ કરી આપવામાં આવશે.

જો આપ પાર્ટી મહાનગરપાલિકામાં સત્તામાં આવશે તો કોમર્શિયલ જગ્યાની નવેસરથી આકારણી કરવા ઉપરાંત તમામ પ્રોપર્ટીના ટેક્સમાં ૫૦ ટકાનો ઘટાડો કરશે અને સ્વવપરાશ તથા ભાડે આપેલી જગ્યાનો વેરો એકસમાન કરશે એટલું જ નહી પરંતુ મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવેલા ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં સુધી સુવિધાઓ આપવામાં નહી આવે ત્યાં સુધી લેવામાં આવશે નહી. આ પાર્ટી જો સત્તામાં આવશે તો શહેરની સિટી બસમાં મહિલાઓ, વિદ્યાર્થીઓ અને વડીલો માટે મુસાફરી નિઃશુલ્ક કરવામાં આવશે તેમજ સીટી બસને એરકન્ડિશન્ડ કરી દેવામાં આવશે. આ ઉપરાંત મહીલાઓની સુરક્ષા માટે સિટી બસમાં સીસીટીવી કેમેરા મુકવામાં આવશે. ગાંધીનગરના યુવાનો માટે આમ આદમી પાર્ટી શહેરમાં ક્રિકેટ એકેડમી બનાવશે અને મહિલાઓ માટે પણ સ્પોર્ટ્સ એકેડેમી પણ બનાવશે. શહેરના રંગમંચના ભાડામાં પચાસ ટકાની રાહત અપાશે તેમ જ નવા કોમ્યુનિટી હોલ બનાવાશે. જન્મ, મરણ, લગ્ન તેમજ અન્ય પ્રમાણપત્રોની હોમ ડિલિવરી કરાશે તેમજ કોર્પોરેશન લગતી તમામ ફરિયાદો કરવા માટે એક હેલ્પલાઈન નંબરની સિસ્ટમ વિકસાવાશે. કોર્પોરેશનની તમામ ઓફિસોમાં અને સિવિક સેન્ટરમાં કોર્પોરેટરો હાજર રહે તેવી આશા સાથે કોર્પોરેશનનું બજેટ બનાવવા માટે સોસાયટી મીટિંગ કરાશે. શહેરમાં લારી ગલ્લા, પાથરણાવાળા વેપારીઓને કોર્પોરેશન તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે. કોર્પોરેશનની અટકી પડેલી ભરતીઓ કરાશે તેમજ પેન્ડીંગ તમામ ભ્રષ્ટાચારના કેસોમાં તાત્કાલિક કાર્યવાહી કરીને સજા થાય તેવા પગલા ભરાશે આ સાથે ફાયરબ્રિગેડનું વિસ્તરણ અને આધુનિકીકરણ કરાશે અને ભ્રષ્ટાચારને દૂર કરવા માટે કોર્પોરેશનની તમામ ઓફિસમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવશે.

આમ આદમી પાર્ટીની પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા સાથે પ્રદેશ નેતા ઈશુદાન ગઢવી, મહેશ સવાણી, સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ તથા શહેર પ્રમુખ જીતેન્દ્ર ધરવાડિયા સહિત નેતાઓએ આમ આદમી પાર્ટીનું ગેરંટી કાર્ડ જાહેર કર્યુ હતું.

### કોર્પોરેશનની સત્તા મર્યાદિત છે અમારી દાનત નહીં : ગોપાલ ઈટાલિયા

ગાંધીનગરમાં મહાનગરપાલિકાને મર્યાદિત સત્તાઓ જ પ્રાપ્ત થશે તે અંગેના સવાલનો જવાબ આપતા ગોપાલ ઈટાલિયા જણાવ્યું હતું કે ભલે સત્તા મર્યાદિત છે પરંતુ અમારી દાનત મર્યાદિત નથી. આ સાથે તેમણે ગાંધીનગરમાં આપ પાર્ટીને મતદારોનો ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો હોવાનું જણાવતાં આપ પાર્ટી બહુમતિ સાથે મેયર બનાવે તેટલી બેઠકો મળશે. આ આ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અમે સત્તા માટે નહીં પરંતુ નાગરિકોની પીડા દૂર કરવા માટે આવ્યાં છીએ. ભાટ ખાતે મ્યુનિસિપલ કમિશનર દ્વારા યોજવામાં આવેલી બેઠક અંગે જણાવતા ઈશુદાન ગઢવીએ જણાવ્યું હતું કે અધિકારીઓ ભાજપ-કોંગ્રેસના કર્મચારીઓ બનીને કામ કરવાનું બંધ કરે.




### આમ આદમી પાર્ટી દ્વારા વચનોની લ્હાણી

શહેરમાં ૧૦ નવી અધતન અંગ્રેજી સરકારી શાળાઓ અને સરકારી કોચિંગ સેન્ટર : એસી સિટી બસ સાથે મહિલા-વિદ્યાર્થી-વડીલોને મફત મુસાફરી : સરકારી દવાખાનામાં તમામ ટેસ્ટ, સારવાર અને દવા મફત સાથે દર બે માસે વડીલોનું ઘરે બેઠાં મેડીકલ ચેકઅપ : રંગમંચના ભાડું અડધું કરાશે અને સ્પોર્ટ્સ એકેડેમી બનશે : લારી-ગલ્લાં-પાથરણાંવાળાઓને હોકર્સ લાયસન્સ અપાશે : કોર્પોરેશનમાં અટકેલી ભરતી કરાશે : ફરિયાદ કરવા માટે હેલ્પલાઈન નંબર જાહેર કરાશે.

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા બોર્ડ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબની બોર્ડની બેઠક સ્વર્ણિમ કલબના પ્રેસિડેન્ટ ઓફિસ સ્થાને યોજાઈ હતી. જેમાં ગાંધી જયંતિ અને નવરાત્રીના તહેવાર નિમિત્તે કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવા માટે બેઠક યોજી હતી. જેમાં નવરાત્રી માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. પ્રથમ નોરતે પંચદેવ મંદિર સંકલ્પ સિધ્ધ,બીજા નોરતે સે-૨૧ હનુમાન મંદિર, ત્રીજા નોરતે સે-૨૨ શોપિંગ સેન્ટર, ચોથા નોરતે સે-૧૨ માતાજીનું મંદિર ગરબા ચોક, પાંચમા નોરતે સે-૧૪ માતાજીનું મંદિર ગરબાચોક, છઠ્ઠું નોરતું સે-૧ માતાજીનું મંદિર ગરબા ચોક, સાતમું નોરતું, સે-૮ માતાજીનું મંદિર ગરબા ચોક અને આઠમું નોરતું કુડાસણ ખાતે રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. ઠાકોર બાલુબેન ભીખાજી ઉ.વ. ૬૦, ગોલથરા, કલોલ